Extra No. 299

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 14, 2025 / ASHADHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઈ, ૨૦૨૫

વંચાણે લીધુ :

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૨.૦૬.૨૦૨૧ ના અધિસૂચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૧નો ૫૬/નરય-૧૨૨૦૧૮-૪૬૩૩-લ.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૦૫.૦૭.૨૦૨૪ ના અધિસૂચના ક્રમાક : જીએચ/વી/૨૦૨૪નો ૧૧૦/નરય-૧૨૨૦૧૮-૪૬૩૩-લ.

૩. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ (સને ૧૯૭૬નો રાષ્ટ્રપતિનો અધિનિયમ-૨૭)

આમુખ

ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫નો ૨૪૬/UDUHD/MSM/e-file/18/2022/2258/L: શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ અધિસૂચના ક્રમાક નં. ૧ થી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગર શહેરની નગર રચના યોજનાઓમાં અધિનિયમની કલમ-૫૦ ની પેટા કલમ (૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ રાજ્ય સરકાર દ્વારા નગર રચના અધિકારીઓની નિમણૂકના સુધારા આદેશ કરવામાં આવેલ. જેમાં નગર રચના યોજના નં. ૭૯ (સુલતાનાબાદ-ભીમપોર) અને નગર રચના યોજના નં. ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર) માટે એકજ નગર રચના અધિકારી તરીકે નગર નિયોજક-૧, નગર રચના યોજના એકમ-૨, સુરતની નિમણૂક કરવામાં આવેલ.

ત્યારબાદ, શહેરી વિકાસ વિભાગના તા.૦૫.૦૭.૨૦૨૪ ના અધિસૂચના ક્રમાક : જીએચ/વી/૨૦૨૪નો ૧૧૦/નરય-૧૦૨૦૧૮-૪૬૩૩-લ થી અગાઉની તા.૨૨.૦૬.૨૦૨૧ ની અધિસૂચનામાં સુધારો કરી મુસદારૂપ નગર રચના યોજના નં. ૭૯ (સુલતાનાબાદ-ભીમપોર) ના નગર રચના અધિકારીશ્રીના નિમણૂકના આદેશમાં કોઇ સુધારો કરવામાં આવેલ નહી પરંતુ મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર) ને આખરી કરવા માટે સુધારા કરી નગર રચના અધિકારી તરીકે નગર નિયોજક-૩, નગર રચના યોજના એકમ-૨, સુરતની નિમણૂક કરવામાં આવેલ.

અધિસૂચના

સદર નગર રચના યોજના નં. ૭૯ (સુલતાનાબાદ-ભીમપોર) અને નગર રચના યોજના નં. ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર) એકબીજાને લાગુમાં આવેલ હોય, ટી.પી.રસ્તાઓની કનેક્ટીવીટી, મેળવણુ તેમજ સદર બંને યોજનાઓમાં ચાલતી કોર્ટમેટર વિગેરે જેવી બાબતોએ સમાન કાર્યવાહી થઇ શકે તે હેતુથી બંને નગર રચના યોજનાઓને આખરી કરવાની કામગીરી એક જ નગર રચના અધિકારીશ્રી દ્વારા થાય તે ઉચિત જણાતી હોય, નગર રચના યોજના નં. ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર) આખરી કરવા અધિનિયમની કલમ-૫૦ ની પેટા કલમ (૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ રાજ્ય સરકાર નગર નિયોજક-૧, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, નગર રચના યોજના એકમ-૨, સુરતની નિમણૂક કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ દત્તા,

ખાસ ફરજ પરના અધિકારી અને

હોદાની રૂએ સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.18 10:13:53 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar